॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# વલ્તાવાને કિનારે  પ્રાગપ્રવાસનો મૂલ્યવાન દસ્તાવેજ

ડૉ. હેમંત પરમાર,
આસી. પ્રૉફેસર,
ગુજરાતી વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ

રમણ સોનીકૃત 'વલ્તાવાને કિનારે 'માં પ્રવાસ કથાનકનું આલેખન થયેલું છે. લેખકે કરેલાં  'પ્રાગ પ્રવાસ 'નું વિષયવસ્તું આ પ્રવાસકથાનું કેન્દ્રબિંદુ છે. કોઈપણ પ્રવાસકાર કે પ્રવાસી કોઈ ચોક્ક્સ હેતુ કે ધ્યેયને લઈને પ્રવાસ કરતો હોય છે, ને એ મુજબ એ પ્રવાસ આકારિત થતો હોય છે. લેખકે કરેલા પ્રાગ પ્રવાસનો ચોક્ક્સ ઉદ્દેશ હતો : ' પ્રાગના ચેક-રિપ્બલિકમાં ૧૬ થી ૨૦ મે, ૨૦૧૨ દરમિયાન યોજાયેલ પુસ્તકમેળો ને ત્યાંના લેખકો સાથે ગોષ્ઠિ અને મેળાવડો. એટલે આ પ્રવાસકથામાં પ્રાગના લેખકો સાથે વક્તવ્યો-ગોષ્ઠિ, પ્રાગની ચાલ્સયુનિવર્સિટી વગેરેનું આલેખન સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. આ ' પ્રાગ પ્રવાસ 'માં નિમિત્ત બને છે ભારતીય સાહિત્ય અકાદમી. ભારતીય સાહિત્ય અકાદમીને ચેક રિપબ્લિકના પ્રાગમાંથી આમંત્રણ મળે છે. એમાં ભારતીય લેખકોના એક પ્રતિનિધિ મંડળની પસંદગી થાય છે. આ મંડળીમાં રમણ સોની, ડૉ. રમેશચંદ્ર શાહ, પંકજ ઠાકુર, અગ્રહાર કૃષ્ણમૂર્તિ અને સુનિલ ગંગોપાધ્યાયનો સમાવેશ થાય છે.

' પ્રાગ પ્રવાસ 'ના આરંભમાં લેખકને ચિંતા છે. પ્રાગ ગયા પછી ભારતીય લેખક તરીકે પોતાની ભૂમિકા શું છે? સાથી મિત્રોનો કોઈ પરિચય નથી. લેખક કહે છે તેમ : ' તો શું ત્યાં જઇ, ડેલીએ હાથ દઇ પાછા આવવાનો કાર્યક્રમ છે આ? 'આરંભની આ ચિંતા પ્રવાસકાર જેમજેમ પ્રવાસમાં આગળ વધે છે તેમતેમ હળવી અને સુખદ બનતી જાય છે. પ્રવાસનો આરંભ કરતાં પહેલાં પ્રવાસકાર સ્થળવિશેષની ચોક્ક્સ માહિતી મેળવી લે છે. ત્યાંનું ભોજન શું છે? ત્યાંનું ઉષ્ણાતામાન કેટલું છે? ત્યાં ઠંડી વધારે રહે છે કે ગરમી? વગેરે વગેરે. દિલ્હી આવીને સાથીમિત્રોને મળે છે. પરિચય વધે છે એમ મૈત્રી કેળવાય છે. પોતાનાં મનમાં પ્રાગ વિશે જે મૂંઝવણ હતી એ જ મૂંઝવણ સાથીઓની બની રહે છે.

' વાલ્તાવાને કિનારે 'પ્રવાસનો સમયગાળો ચોક્ક્સ ને નિશ્ચિત છે. ચાર દિવસ ને પાંચ રાત્રિ દરમિયાન થયેલો આ પ્રવાસ છે. આ પ્રવાસનો પ્રારંભ થાય છે દિલ્લીથી. દિલ્લીથી તુરકી વિમાન ઈસ્તામ્બૂલ થઇને પ્રાગ પહોંચે છે. પ્રાગ પહોંચતા જ પ્રવાસકારનો વિમાની થાક દૂર થાય છે. પ્રાગની ધરતીની ખુલ્લી હવા ખૂશનૂમાં હતી. એકદમ તાજગી આવી જાય છે. લેખકની આંખો સ્થાપત્ય ને મકાનો સાથેના સુંદર રસ્તાઓ પર ફરતી હતી. ભારતીય એલચી કચેરીના સચિવ અને ચેક મંત્રાલયમાંથી ભારતીય પ્રતિનિધિ મંડળને લેવાં આવ્યા હતા. જેમનાં રહેઠાણની વ્યવસ્થા હોટલ ' પિરામીડ 'માં રાખવામાં આવી હતી. નવમાં માળની બારીમાંથી આવતા ઠંડા પવનમાં લેખક આહ્લાદ અનુભવે છે. આ રીતે લેખકના પ્રવાસનો આરંભ થાય છે. પ્રાગ આવીને લેખક જુદી-જુદી જગ્યાએ કોઈને કોઈ નિમિત્તે પ્રવાસ કરે છે. જેમ કે સ્વેટ કિનહી, કાફકા ભવન, વલ્તવા નદી, ઓલ્ડ સીટી સ્ક્વેર, ઉદ્યાન શિલ્પ,

યુનિવર્સિટી પરિસર, યુનિવર્સિટી સભાખંડ, પ્રાગદૂર્ગ, લેમ્પ-પોસ્ટ-દુર્ગ પરિસર, પ્રાગ દૂર્ગ શિખર, ગ્રંથ-દિપ : પુસ્તક પ્રદર્શન, નાટ્યગૃહ, પ્રાગ-સ્થાપત્ય વગેરે.

'વલ્તાવાને કિનારે 'પ્રવાસકથામાં પ્રવાસકાર જે જે સ્થળે ગયા છે ત્યાં આપણને આંગળી પકડીને લઇ જાય છે. પ્રવાસકાર બતાવે છે કે જુઓ આ 'કાફકા હાઉસ '.'કાફકા હાઉસ 'માં પ્રવેશતાં જ લેખકની સૂક્ષ્મદ્રષ્ટિનો પરિચય થયા વિના રહેતો નથી. લેખક સમગ્ર પ્રવાસ દરમિયાન ઝીણું-ઝીણું કાંતે છે. જેમ કે લેખકની દ્રષ્ટિ જુએ છે : 'Native House of Franze Kafka ' એ ચેક, અંગ્રેજી અને ફ્રેન્ચ એમ ત્રણ ભાષાઓમાં લખ્યું હતું. સાથે સાથે નર્મદના ને ગોવર્ધનરામના સ્મૃતિભવનની તુલના કરે છે. તો વળી પ્રવાસકાર બતાવે છે કે જુઓ આ કાફે સ્લાવિયા ને એમાં આ પ્રકારના ભોજનની વ્યવસ્થા છે. આ જુઓ વલ્તાવા નદીનો કિનારો જે આખા પ્રાગમાં સર્પાકારે વહે છે ને તેનું સૌંદર્ય કેટલું અદભૂત છે. આ પ્રવાસ કેવળ પ્રવાસકારનો ન બની રહેતાં એ સમગ્ર ભાવકોનો પણ બની રહે છે.

આ પ્રવાસકથામાં લેખકે ભાષા સાથે હળવાશથી કામ લીધુ છે. લેખકને જે વ્યક્ત કરવું છે એ મોટાં-મોટાં ફકરાઓ દ્વારા વ્યક્ત કરતાં નથી. બલકે નાનાં-નાનાં એકમો દ્વારા વ્યક્ત કરે છે. ભાષામાં ક્યાંક કટાંક્ષ કે વ્યંગ, ક્યાંક તાર્કિકતા તો ક્યાંક સચ્ચાઇનું આલેખન થયેલું પ્રાપ્ત થાય છે. લેખકે ભાષાને વળોટીને કામ પુરું પાડ્યું નથી. પરંતુ ભાષા સાથે સહજ રીતે કામ કઢાવ્યું છે. જેમ કે બીજા પ્રકરણના આરંભમાં હવાઇજહાજમાં ભોજનના સમયે લેખક અને રમેશચંદ્ર શાકાહારી છે. ને અહી બિનશાકાહારી ભોજન મળે એમ હતું. જેથી પ્રવાસકાર ચા-કૉફીથી ચલાવી લે છે. જ્યારે રમેશચંદ્ર પાસે એક જ વિકલ્પ હતો-'હથેળીની ખરલમાં ઘૂંટાતો નશો.....' એક સમયે લેખક ચાલવા નીકળે છે ત્યારે સૂરજનો તડકો જોઇને તેમનાં મનમાં કેવો ભાવ જાગે છે : 'અહી સૂરજ કંઇક વધુ વહેલો ઊગતો હતો એટલે સ્વચ્છ પહોળા રસ્તા પર ને સુંદર મકાનોની દિવાલો પર સુવર્ણ તડકાનો ઢોળ ચડ્યો હતો '. આ રીતે આ પ્રવાસકથાને જીવંત બનાવવા તેની ભાષા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

સમગ્ર પ્રવાસ દરમિયાન પ્રવાસકારે નાની નાની ઘટનાઓ અને પ્રસંગોનું આલેખન કર્યુ છે. આ ઘટનાઓ અને પ્રસંગોની કેવળ માહિતી એકઠી કરતાં નથી. પરંતુ એ ઘટનાઓને વાસ્તવિકતાની ભોંય પર આલેખે છે. જેમ કે ટ્રામમાં મુસાફરી દરમિયાન લેખક મિત્રો સહિત ટ્રામમાં બેસી જાય છે. ત્યાં કંડક્ટર હોતો નથી. જેથી ટિકીટ ક્યાંથી મેળવવી? ટિકીટ વગર કશામાં ફસાઇ જવાય એ પરિસ્થિતિમાં મૂકાવાય એ પહેલાં સૌ ટ્રામમાં ઉતરી જાય છે. પછી ટિકીટ ક્યાંથી મેળવવી તેની જાણકારી પ્રાપ્ત કરે છે. ત્યારે જાણવા મળે છે કે ટ્રામમાં બેસતાં પહેલાં દરેક જગ્યાએ કોઇન-બોક્સ હોય છે. એમાંની વિગત વાંચી જરૂરી પૈસા નાખો એટલે ટ્રામની ટિકીટ બહાર આવે. આવા હળવાં પ્રસંગોનું વાસ્તવિક આલેખન પ્રવાસકથામાં કાર્યસાધક બની રહે છે.

આ પ્રવાસ નિબંધની મોટી ખાસયિત એ છે કે લેખકને જે ભાવ પ્રગટ કરવાં છે તે વિવિધ સંદર્ભો ટાંકીને વ્યક્ત કરે છે. જેથી લેખકને જે કહેવું છે તે સહજતાથી કહી શકે. જેમ કે લેખકને ભૂખ લાગે છે ત્યારે તેમને 'રાઇના પર્વત 'મંત્રી કલ્યાણકામ યાદ આવી જાય છે : 'પત્ની જમી લેવાનો આગ્રહ કરે છે ત્યારે એ કામગરો વ્યસ્ત માણસ કહે છે, હમણાં મને ભૂખ લાગી નથી '. તો 'ભદ્રંભદ્ર 'નવલકથાની કાવ્ય પંક્તિ યાદ આવી જાય છે : 'ઉદરભરણે હવાં થોડું સહીશ વિલંબન '. જ્યારે ભારત પાછા આવવાનો સમય નજદીક આવી ગયો છે ત્યારે પ્રવાસકાર અને સાથીમિત્રો ચાલવાં જાય છે ત્યારે લેખક કહે છે : 'આવતીકાલે તો જવાનું છે'. એ સમયે આદિલ મન્સૂરીની પંક્તિઓ યાદ આવી જાય છે : 'ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો.....'આમ લેખકને જે ભાવ વ્યક્ત કરવો છે તે જુદાં-જુદાં સંદર્ભો ટાંકીને કરે છે જેથી તેમને જે કહેવું છે તે સઘનતાથી કહી શકે.

કોઈપણ પ્રવાસ દરમિયાન પ્રવાસીએ કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ મૂશ્કેલીઓ જુદાં-જુદાં પ્રકારની હોય છે. જેમકે રીતિ-રિવાજો, મૂલ્યો, માન્યતાઓ, ભાષા, રહેણી-કરણી, આચાર-વિચાર, ભોજન વગેરે. વળી, અંગત ગમાં-અણગમાં બાજુ પર મૂકીને જે તે પ્રવાસકાર પ્રવાસ કરતો હોય છે. તો જ પ્રવાસનો સાચો આનંદ પામી શકાય. પ્રાગ પ્રવાસ દરમિયાન પ્રવાસકારે ભોજન સાથે કેટલીયવાર સમાધાન કરવું પડે છે. જેમ કે તેઓ ચેક રિપબ્લિક ખાતેના ભારતીય રાજદૂતના નિવાસસ્થાને ભોજમ માટે જાય છે. ત્યારે લેખક સમોસા ખાતા નથી. કારણકે ત્યાં સંભાવના રહેલી છે કે એ નોનવેજના હોય. તો આ પ્રવાસ દરમિયાન કેટલીયવાર લેખક ઘરના

નાસ્તાથી ચલાવી લે છે. આ રીતે અંગત ગમાં-અણગમાંને બાજુ પર મૂકીને લેખક પ્રવાસની સાચી મઝા માણે છે. અંગત ગમો-અણગમો પ્રવાસમાં વિઘ્નસમાન સાબિત થઇ શકે છે.

'વલ્તાવાને કિનારે'પ્રવાસકથામાં લેખક ઉપરાંત અન્ય સહપ્રવાસીઓનું આલેખન થયેલું જોવા મળે છે. તો અન્ય વિશિષ્ટ વ્યક્તિચિત્રોનો ચિતાર પ્રાપ્ત થાય છે. પ્રવાસકારે પ્રવાસના સાથીમિત્રો અને પ્રવાસ દરમિયાન સંપર્કમાં આવેલી વ્યક્તિઓના વ્યવહાર, માન્યતાઓ, સ્વભાવગત લાક્ષણિકતાઓ, સંવેદનો, મૂલ્યો વગેરેનું આલેખન હૃદયસ્પર્શી કર્યુ છે. પ્રવાસના આરંભમાં લેખક અન્ય સાથીઓના સંપર્કમાં આવે છે. લેખક મિત્રો સાથે હળી-મળી જાય છે. જેમ-જેમ મિત્રોનો પ્રત્યક્ષ પરિચય થાય છે તેમ-તેમ લેખકની નજરથી એ પાત્રો આપણી સામે ઉઘડે છે. આ પાત્રો લેખક પૂરતા મર્યાદિત રહેતાં નથી. રમેશચંદ્ર શાહના વ્યક્તિત્વ વિશે લેખક જણાવે છે : 'પણ નામની જેમ જ એ ખાસ્સા ગુજરાતી લાગે. એમના પત્ની જ્યોત્સના'મિલન'ગુજરાતી. કવિ-ચિત્રકાર પવનકુમાર જૈનના બહેન. રમેશજીને એમને ગુજરાતી કવિતાનોય થોડો રંગ લગાડ્યો હશે તે પ્રિયકાન્તની, મેઘાણીની થોડીક પંક્તિઓ મને સંભળાવી. વધુ આનંદની વાત તો એ હતી કે એ બિલકુલ શાકાહારી ! ધીરે ધીરે આ અલગારી, વિનોદી વિદ્વાનનો રંગ ખૂલતો ગયો - ખાવામાં શુદ્ધ ગુજરાતી ; પણ'પીવા'માં નૈષ્ઠિક ભોપાલી, બલકે આંતરરાષ્ટ્રીય રસવાળા....'આ રીતે અન્ય સાથીમિત્રોના પાત્રોના વ્યક્તિત્વની ખૂબીઓ પ્રવાસકાર આપણી સમક્ષ મૂકી આપે છે.

પ્રાગ પહોંચ્યા પછી ભારતીય એલચી કચેરીના પ્રથમ સચિવ મહેન્દર ખુરાના, શ્રીમતી ટેરેઝા, ક્વેટા પોઢાજ્સ્કા, ડૉ. બ્લાન્કા, પીટર, પ્રો. માર્ટિન જેવાં પાત્રોનો પ્રત્યક્ષ પરિચય થાય છે. સાંસ્કૃતિક મંત્રાલયના ઇન્ટરનેશનલ રિલેશન્શ વિભાગના નિયામક શ્રી પીટરનટ વ્યક્તિત્વની ખૂબી વિશે પ્રવાસકાર જણાવે છે કે : 'નિયામક શ્રી પીટર ખૂબ તરવરાટવાળા અને મળતાવડા હતા – બે ત્રણ કલાક અમારી સાથે એ રહ્યા એ દરમિયાન એમનું સંપર્ક કૌશલ ને એમની અભ્યાસશીલતા બંનેનો પરિચય થયો. તે સરસ ને સહજ અંગ્રેજી બોલતા હતા'. જે રીતે પ્રવાસકાર જે તે પાત્રના પરિચયમાં આવ્યા છે તે પાત્રોનું સૂક્ષ્મ અવલોકન કર્યુ છે. જે તે પાત્રોનો સહવાસ થયો એ ક્ષણોનું આલેખન કરવાનું લેખક ચૂક્યાં નથી.

'વલ્તાવાને કિનારે'પ્રવાસનો મુખ્ય હેતુ છે પુસ્તકમેળો, ત્યાંના લેખકો સાથે મેળાવડો ને ગોષ્ઠિ. સૌથી પહેલાં લેખક મંડળી પહોંચે છે'Svet Knihy 2012'માં. જ્યાં પુસ્તકમેળો હતો. આ પુસ્તકમેળામાં પ્રવાસકાર જુએ છે કે અહીં પુસ્તકમેળાના ઉદ્ઘાટનમાં પ્રાગનાં ને અન્ય દેશના મહેમાનો, લેખકો, પત્રકારો અને પ્રકાશકો આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની સાદગી લેખકને આકર્ષી જાય છે. આપણી જેમ ન તો કોઇ ઠઠારો કે ન તો કોઇ દબદબો. કોઇ મંચ પર મંચસ્થ નહિ. ઉદ્ઘોષક નિમંત્રે તે વક્તા મંચ પર આવીને પોતાનું વક્તવ્ય આપીને પોતાની જગ્યા પર બેસી જાય. આ પુસ્તકમેળાના સંયોજક ડૉ. દાના કાલિનોવાન સાથે પ્રવાસકાર અને સાથી પ્રવાસીમિત્રોની મૂલાકાત હોય છે. આ મૂલાકાતમાં અનુવાદના પુસ્તકો અને યુરોપના અન્ય લેખકો સાથે ચર્ચા વિચારણા કરે છે. ત્યારબાદ સાંસ્કૃતિક મંત્રાલયના ઇન્ટરનેશનલ રિલેશન્સ વિભાગના નિયામક શ્રી પીટર અને ગ્રંથાલયના અધ્યક્ષા ડૉ. બ્લાન્કા સાથે મૂલાકાત અને મેળાવળો હોય છે. ડૉ. પીટર સાંસ્કૃતિક મંત્રાલય ક્યાં પ્રકારની ભૂમિકા ભજવે છે તે જણાવતા કહે છે કે :'મંત્રાલય લેખન પ્રકાશનનું ગૌરવ કરે છે ને એને પ્રોત્સાહિત કરે છે. લેખકોને પુસ્તક - પ્રકાશન માટે અનુદાન આપે છે. નગરોમાં ને યુનિવર્સિટી પરિસરોમાં પુસ્તક પ્રદર્શન યોજે છે. અનુવાદ પ્રવૃત્તિને વિશેષ પ્રોત્સાહન આપે છે – એમાંય, ચેક સાહિત્યના અન્ય ભાષાઓમાં થતાં અનુવાદોને સવિશેષ આર્થિક સહાય આપે છે.

લેખક વર્તુળ આગળ જતાં ચાર્લ્સ યુનિવર્સિટીની મૂલાકાત લે છે. અહીં આવીને યુનિવર્સિટીનું સ્થાપત્ય, ત્યાંના દાદરાં, દાદરાંના લાકડા વગેરે આકર્ષે છે. અહીં તેઓ યુનિવર્સિટીનો ઇતિહાસ જાણે છે. 14 મી સદીના ઉત્તરાર્ધમાં બોહેમિયાના રાજા ચાર્લ્સ ચોથાએ પ્રાગ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. તો યુનિવર્સિટીસભા ખંડમાં ઇન્ડોલોજીના વિદ્યાર્થીઓ અને પ્રધ્યાપકો સાથે લેખકવર્તુળની ગોષ્ઠિ યોજાય છે. આ ગોષ્ઠિમાં ભારતીય સામ્પ્રત સાહિત્ય વિશે ચર્ચા – વિચારણા કરવામાં આવે છે.

નેશનલ ગેલેરીમાં ચિત્રદર્શનની મૂલાકાત યોજાય છે. આ ચિત્રદર્શનની મૂલાકાત અંર્તગત પ્રવાસકારની સૂક્ષ્મ અને ઝીણવટભરી અવલોકન શક્તિનો પરિચય થાય છે. નેશનલ ગેલેરીમાં જુદાં – જુદાં ચિત્રો જુએ છે. જેમ કે 'લગ્નોત્સુકા', 'નવપરણિતા', 'વરરાજાનું ચિત્ર', 'ડચ યુવક', 'યંગ લેડી ઑન બાલ્કની', 'પોટ્રેટ ઑફ ધ આર્ટિસ્ટ

વાઈફ 'વગેરે. લગ્નોત્સુકાના ચિત્રને લેખકની દષ્ટિ કેવી રીતે જુએ છે : ' ......પંદરવયની એક છોકરી – એનાં હાથમોજાં, એનાં લગ્ન થવાનાં છે એના સંકેતરૂપ હતા. ભરાવદાર પણ કુમાશભર્યો એનો ગુલાબી ચહેરો. પણ કિશોરી ન લાગે. યુવતી જ લાગે – બિલકુલ લગ્નોત્સુકા. એનું વસ્ત્રપરિધાન પણ એને પુખ્ત બતાવતું હતું. ૧૭મી સદીના ચિત્રકારે, યુવતીની બોલતી આંખો સમેત ઘણી ઝીણવટો આલેખી હતી.' તો દુર્ગ પરિસરની મુલાકાત દરમિયાન લેખકની સૌંદર્યદષ્ટિને પામી શકાય છે. પરિસરમાં ડાબી તરફ દુર્ગ અને ચર્ચ છે. જ્યારે જમણી તરફ નવાં ભવનો, ચેક ગણરાજ્યના પ્રમુખની કાર્યાલયો ને નિવાસો. લેખકના મનમાં પ્રશ્ન થાય છે : ' શા માટે આ પ્રાચીન ભવ્ય દુર્ગની પાસે આ નવીન કાર્યાલય – ભવન કર્યા હશે? વળી એ ભવનોમાં સ્થાપત્યની કોઇ વિશેષ મુદ્રા પણ પ્રાપ્ત થતી નથી.' આ બધી બાબતો પ્રવાસકારના મનમાં ખટકે છે.

'વલ્તાવાને કિનારે 'પ્રવાસકથામાં પ્રવાસકારે જુદાં-જુદાં ચિત્રો મૂકી આપ્યા છે. જેથી બધુ આપણી નજર સામે સ્પષ્ટ થાય છે. જેમ કે વલ્તાવાનો કિનારો આવો છે એ જ પ્રમાણે સ્વેટ ક્નિહી : પ્રવેશદ્વાર આવું છે. એ ચિત્રો દ્વારા વધુ સ્પષ્ટ થયા વિના રહેતું નથી. તો પ્રાગના ચેકસાહિત્યની વિશેષ જાણકારી માટે પ્રવાસકારે એક લાંબો પરિશિષ્ટ મૂકી આપ્યો છે. જે ભાવકની જિજ્ઞાસાવૃત્તિને પોષનારું પરિબળ સાબિત થાય છે.

'વલ્તાવાને કિનારે ' પ્રવાસકથામાં લેખક મુલાકાતો, મેળાવડાઓ ને ગોષ્ઠિઓ દ્વારા પ્રાગને આપણી સમક્ષ મૂકી આપે છે. ત્યાંના રસ્તાઓ, મકાનો, સ્થાપત્ય, પ્રાગની ચાર્લ્સ યુનિવર્સિટીનો ઇતિહાસ, પ્રાગની ચેક ભાષા, પ્રાગના લોકોની પોતાની ભાષા પ્રત્યેની ચિંતા વગેરે બાબતો સમગ્ર પ્રવાસમાંથી પસાર થતાં આપણી આંખ સામે ઊઘડી આવે છે. આ પ્રવાસકથામાંથી પસાર થતાં તેનાં પ્રવાસકારની કૂતુહલ દષ્ટિ, જિજ્ઞાસાવૃત્તિ, અવલોકનની સૂઝ, સૂક્ષ્મદષ્ટિબિંદુના દર્શન થયા વિના રહેતા નથી. આ પ્રવાસ પ્રાગના પ્રવાસનો મૂલ્યવાન દસ્તાવેજ સમો બની રહે છે.